# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી., કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત મણીનગર વિસ્તારમાં બુલેટ ટ્રેનના પિલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવામાં આવેલ છે તે સેગમેન્ટની ઉપરના ભાગે નોઇશ બેરીયર,ડેક ફર્નિશીંગ વર્ક તથા કોન્ક્રીટની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૨૫/૪/૨૦૨૫ થી તા.૨૫/૭/૨૦૨૫ સુધી ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૫.૦૦ સુધીના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર હતી. પરંતુ ટેકનીકલ કારણોસર સમયમર્યાદામાં આ કામગીરી થઇ શકેલ નથી. જેથી હવે આ કામગીરી **તા.૨૫/૭/૨૦૨૫ થી તા.૨૫/૧૧/૨૦૨૫ સુધી ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૫.૦૦ સુધીના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે.**

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગ** |
|---|---|---|
| ૧. | મણીનગર દક્ષિણી ચોકથી મણીનગર ક્રોસીંગ સુધી આશરે ૫૦૦ મીટર સુધીનો રોડ માત્ર રાત્રી કલાક: ૨૩.૦૦ થી સવાર કલાક ૫.૦૦ દરમિયાન બંધ રહેશે અને દિવસ દરમિયાન ખુલ્લો રહેશે. | (૧) મણીનગર સ્ટેશન તરફથી આવતો ટ્રાફિક મણીનગર ક્રોસીંગથી મણીનગર ચાર રસ્તા થઈ ડાબી બાજુ જયહિન્દ સ્કુલ થઈ સિતાબાગ સોસાયટી, કૌટિલ્ય ફ્લેટ થઈ ઘોડાસર તરફ થઈ મુખ્ય માર્ગ તરફ જઈ શકશે.<br>(૨) મણીનગર ક્રોસીંગથી નાથાલાલ ઝઘડીયાબ્રીજ સુધીનો એક તરફનો રોડ રાત્રી દરમિયાન બંધ રહેશે જ્યારે બીજી તરફનો રોડ ચાલું રહેશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૫/૭/૨૦૨૫**

**( એન.એન.ચૌધરી )**
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર